પિરબુખારીની ઉત્તપત્તિ.

તથા વર્ણન

છપાવી પ્રસીદ્ધ કરનાર રોજકાના પોલીશપટેલ.

મીઆં શાહેબ કાલુ મીઆ.

અમદાવાદ

સત્યપ્રકાશ પ્રેસમાં છાપ્યું.

સવત ૧૯૪૩ સને ૧૮૮૬

કીમત ૧ આનો

પરસ્તાવના*

આ ભડીઆદના પીર બુખારીનાં ઉરસ ઉપર હું તથા મારા કેટલાક મીત્ર મેલો જોવા ગએલા તે તેમની મદનીનો મ- લો તથા તેમની જગ્યાનો દેખાવ અમો જોઇ તાજુબ બનીગ આ ને આ ઉરસ એકલાં મુસલમાનોનોજ નહીં પરંતું કેટલાક બીજી કોમનાં હજારો મનુષ જોવામાં આવ્યાં તથા તેમની માનતાઓ ઉતારવા કેટલાક મનુષ ભરાયાં તે ઉપર સુમાર કરતાં અમાને આજગ્યા એવી શુંદર લાગી કે ઘડી વાર બહાર જઈ પાછા દર્ગા દરબારમાં આવી બેઠા તે ઉપરથી મ ને સર્વ મારા મિત્રોએ ભલામણ કરી કે આ વીશે કાંઇ યાદ દાસ્તી રાખવી જોઇએ તે સર્વનું બોલવું માંથે ચઢાવી આ ટુક બીનાનું વર્ણન કરૂંછું જેમાં પીરની ઉત્પતિ તથા જ ગાનોદેખાવ મને રસીક લાગ્યો તેવો પરસીધ કરૂં. વળી હું કાંઇ કવી નથી પીંગળનો અભીયાસ નથી મા વાચનાર સાહેબ ભુલ ચુક વિશે દરગુજર કરી સંભાળી વાંચશો તથા આ લઘુ ગ્રંથ વીસેમાં મને મેહેરબાન રાણપુર તાલુક કદાર મલેક આલમભાઈ બડાગીઆ તરફથી તેમજ મુનશી મરતુ ીઆં મીઆ શાહેબ તરફથી કેટલીક મદદ મલી છે માટે તેનો ઉપકાર માનુંછું

મી. કા.

પીર બુખારીની ઉત્તપત્તિ.

દોહરો*

ઉત્તપત્તિ કહુ પીર આપની, નહી આજની વાત,
પ્રસીધ વારતા સાંભળી, લખી કરૂ વીખ્યાત,

આ પીર વીશે થોડુક બોલવું અહીં ઘટીટ છે કેટલાક સાહેબો ના મનમાં ઘણી તરેહના વહેમ રહેતા હસે તે આ ટુક બીના વાંચેથી દુર થશે આ પીરનું નામ મેમુદશાહછે, જાતના મુસમાન સૈયદ બુખારી બુખારાના રેહેનાર માટે બુખારી કહેવાયછે આ પીર પોતાની થોડી વયમાં પોતાનાં મા બાપની શીખમાગી મકકે હજ કરવા જતા હતા– હવે અહી હિંદુસ્તાનમાં એક ચોકડી કરીને ગામ હતું ને ઘણું જબર રાજ્ય હતું ને ત્યાં હિંદુરાજા રાજ કરતો હતો તે રાજા ઘણો દુષ્ટ હતો તે ચોકડી હાલ ધંધુકા તાલુકામાં ભીમનાથ પાંશેછે તે રાજાને હમેસાં એવો નિમ હતો કે હરરોજ એક મુસલમાન મારતો ત્યારે અન ખાતો હતો આ નીયમ તેનો ઘણી મુદત ચાલ્યો છેવટ (જુલમ ખુદા સાંકતો નથી) થોડી મુદતે કોઇ મુસલમાન મલ્યું નહીં ને એક રાંડીરાંડ અમીરજાદી હતી પણ ઘણી ગરીબી હાલતમાં હતી સબબ તે વખત આ મુલકમાં મુસલમાનો જુજ હતા તે રાંડીરાંડ બાઇને એકનો એકજ દીકરો વરસ પંદર નો હતો તે આ દુષ્ટ ચંડાલ રાજાએ લીધો ને તેને મારી નાંખ્યો બાદ રોજ દસ્તુર પ્રમાણે અન ખાધું આ વાત મેંમુદશાહ બુખારી સાહેબ પાંશે કોઈ દરવેસે કીધી તે ઉપરથી મકકે હજ

કરવા જતા હતાં તે વાટ પડી મુકી એક દમ હિંદુસ્તાનમાં આવ્યાં અને સૌ કોઇ મુસલમાન કહેવા લાગ્યા કે હે સાહેબ એક જુલમી રાજા પેદા થઓ છે ને હમેસાં એક મુસલમાન મારી અન્ન ખાયછે તે ઉપરથી આ પીરસાહેબ ગુસનાં ભરા ચોકડી આવ્યા ને આ દુષ્ટ રાજાને પોતાનાં હાથે માર્યો આ રાજા મુસલમાનોને મારતો તે હવે બંધ પડયુ ને આ ગામનું નામ ચડાલ ચોકડી પડું હવે અહીં ફતેહ કરી પોતે પાછા મક્કા સરીફ તરફ જવાને ગયા પણ પાછળથી આ દુસ્ટ રાજાનાં ભાઇએ આ પીર સાહેબને રાતની વખતે દગાથી માર્યા તેથી તેમના સાથનાં આદમી આ પીરસાહેબના શબને બુખારે લઇ જવાનો વીચાર કરી જનાજો ઉચકી ભડીયાદ લાવ્યા કારણ તે વખત આ ભડીઆદ મોટું બંદર હતું તેથી તેનો જનાજો અંદર થઈ તરી રસ્તે બુખારે લઇ જવો હતો પણ આ સાહેબના જનાજા અહી દરીઆ કાંઠે લાવી સુધા બાદ વાહણામાં પહોંચાડવા મૈયત ઉપાડી પણ ઉપડી નહી તેથી તેમનો હુકમ આગળ ચાલવાનો નહી હોય માટે તે પીર સાહેબની મૈયતને ત્યાંજ દફન કરી સાથેનાં આદમી વીદાય થઇ ચાલ્યા ગયા તેથી આ પીરનું ધામ અહી થયું આ પીરને ભડીઆદ ગામથી ઓતરાદા તળાવ કીનારે દફન કરેલછે ધીગાણામાં મરાયલા કેટલાક સાથેનાં આદમી પણ અહી દફન થયાંછે તેમની જગા પરસીધ છે. ને તેમની જગાનો ઝાડુ પુંજો તથા દિવાબતી વિગેરેની સંભાલ સુમરા બ્રામણ કરેછે ને તે મુસલમાન પીરની પયેલ છે ને જગાની ઉપજ આવે તે આ મુ

જાવરો ખાયછે. હવે કોઇ કેહેસે કે પીરના મુંજાવરી સૈ-યદો આ મુલકમાં ઘણા છે ને તેયો પેઢી એ મળતા છે તેમને ઉપજ ખાવનો વારસાનો હક છતાં આ મુજાવરો ને સીરીને મલ્યો ને તેમને કેમ નહી તે વીસે એમ કહેવાય છે કે પીરને અહી દફન કરા પછી કોઇ સૈયદ અહીં રહો નહોતો બાદ કેટલીક મૂદતે એક બ્રાહ્મણ ધનજી જો શી નામ આંખે આંધળો હતો ને તે સવારના પહોરમાં લાકડીના ટેકે અથડાતો અથડાતો ઝાડે ફરવા જતો હતો તે આ પીરની કબરે અથડાયો ને માંહેથી ઘોર અવાજ થયો કે જોતો નથી બ્રાહ્મણે બીતા બીતા જવાપ આપ્યો ભુલ્યો બાપજી ગરીબ આંધળો તમારો ભીખારી બ્રાહ્મણ છું પીરશાહેબે આ બ્રાહ્મણના શુ વાક્ય શાંભળી ઘણી રહેમ આવી કહ્યુંકે તું કલમો પઢી માઢા ઉપર હાથ ફેરવ તેજ મુજબ આ બ્રાહ્મણે કર્યું ને અલ્લા ના હુકમથી આંખે દેખતો થયો ને ત્યારથી તે પીરશાહેબની શેવા ચાકરી કરવી શરૂ કરી માનતાયુની ઉપજ પણ ખાધી ને તેજ વંશના આ મુજાવરો પણ છે ને હાલમા સૌ માં માટા ભાગદાર બાવામીઆં કરીને છે

વળી આ પીર શાહેબનું દેરૂં અમદાવાદના એક શાહુકારે બંધાવેલું છે. તે શાહુકાર પણ ઘણો ધનવાન હતો. ને તેનો એકજ દીકરો મુશાફરી પરદેશ માં માલલેવા ગયો. હતો બાર વરશ વીતા છતાં કંઇથી પતો મલતો નહોતો તેથી આ પીરની માન્તા કરી તેજ દીવશની રાતમાં પીરે આવી સ્વપ્નામાં કહ્યું કે જો હાલ સવારમા દીવસ ઉગતાં

માં તારો દીકરો આવસે. તેજ મુજબ સવારમાં આ શાહુકારનો દીકરો આવ્યોને ઘણી ખુંશી પ્રાપ્ત થઈ તે ઉપરથી હજરત પીરના દરશન કરવા શારૂ એકદમ ભડીઆદ આ વ્યો ને દેરૂ બાંધવાનું કામ સરૂ કર્યું ત્થા દેરામાં ચંદનના પાટડા નાંખવા સાથે લેતો આવ્યો પણ ભીંતો તેઆર પ એ સરખાવી જોતા પાટડો નાનો પડયો વાણીઓ વીચાર માં પડયો કે મેં પાટડો સાંખો ભીત ચણાવી છે ને પાટડો નાનો કેમ પડે તે ઉપરથી એક દમ આ શાહુકારે પીર ઉપર તરણ લાત્રણો કરી ને પાટડો ચઢાવી રાખ્યો આ કૃતથી પીરને દઆ ઉપજી જે પાટડામાંથી એક નાનો સાંટો ફુટી ભીતને મળી ગઓ, તે આજ પણ છે આ પીરનુ અહીં ધામ થઆને આસરે વરસ ૭૫૦ થયાં હશે ને દેરૂ બને વરસ ૪૦૦ થયાં હશે આવી રીતે કહેવાપછે પણ આ પીરનું ધામ જબરૂ ને જેમની માન્તા ઘણે ઠેકાણેથી આવેછે વળી જગત પરસીધ છે ને હિંદુ મુસલમાન તમામ આ પીરની માન્તા કરેછે ને માગા પ્રમાણે ફળ મળે છે આજે પણ અમદાવાદ શુરત ધોલકા ધંધુકા લીબડી વઢવાણ ભાવનગર જુનાગઢ વીરમગામ ઘોલેરા ખંભાત વીગેરે ઠેકાણેથી જાત્રા કરવા હજારો મનુષ આવેછે ને તેમનો ઉર્સ ૪ ચાર દીવસ સુધી રહેછે. હાલ ઉરસ વેસાક સુદી અગીઆરશ થી ભરાય છે આ પીરની જગ્યા જોવા લાયક ને શુંદર જાત્રા કરવા લાયક છે જ આ ફરતો કીલ્લો છે એ કીલ્લાનાં દરવાજા ત્થા ઉપર બંગલા કરેલછે માહલીપા જગ્યા ઘણી પુખ્તી છે દરવાની

આગળનો શુંદર શૈન પથરથી બાંધેલછે દર્ગાનો દરવાજો ઠખણાદા બારનો ને ઓતરાદા બારની બારી છે . કમાડ બારશાખ તથા અંદરનો કઠેડો રૂપાનો છે પીરના દરબાર-ની સોભાતો કાંઇ જુદીજછે વરણુન કરવુ અશક્ત છે તમામ તાસ લપાને મખમલની સોનેરી શોડુમા પીર બીરાજેલા છે ઉપર પણ કંઇ હાંડી ઝમરૂખ વીગેરે સોભા ઘણી શું દરછે દરગાની પછવાડે બારી તરફ એક શુંદર બગીચો છે તેમાં તરેહ બે તરેહના ઝાડ છે તે શુગંધી ઝાડનો તો પાર નથી તે તમામ તે પીરને ચઢાવવાનો ઉપંઓગ માં આવેછે વળી આ પીરની ખીજમતમાં ખંબાતના નવાબ શાહેબને તથા ભાવનગરનો એક શાહુકાર તરફથી ઘણી શંભાળ રહેછે તેમાં ખંભાતના નવાબ શાહેબ દરરોજ શાવારમાં દાતણ કરી પીરનો એક રૂપીઓ કાડેછે હવે તો કોણ જાણે બીજી પણ હજારો રૂપીઆની આ જગ્યાની આમદ છે.

તેમજ આ જગ્યાની આમદ પણ ઘણીછે ભડીઆદ ધંધુકા તથા બીજા કેટલાક ગામોમાં આ પીરના દેવેર્ઈઆ છે. તેમ કરતાં ઉરશમાં ઘણી પેદાશ થાયછે ને જે આમદમાથી ફકીરો તથા સૌપદોને વરખાશન મળે છે બાકીનું મુજાવરને રહે છે વળી આ પીરથી ઉગમણે એક ગેબનશાહ પીરની જગો ભડીઆદ સીમાડે છે તે પણ જોવા લાયક છે. પણ કહેછે કે આ પીરને તે પીર મામો ભાણેજ થાયછે ને ગેબનશાહપીર વિશે એક કવિએ નીચે પ્રમાણેકહુછે.

કવીત

એક દીન જંગલકે તીર, બશ્તા ગેબનશા પીર-
બરકી જગ્યા ભારી, મુજકો લગતી પ્યારી;
ગોડ સોનેરી સાજે, માહી પીર બીરાજે,
ગલીકે કસબી તોરે, ફુલતો નાંખે ફોરે,
અચ્છું દેવલ ઝળકે, કેસેસ નાગતો સણકે
પાસે પાણીકા આરા, ઉપર ઝાડછે સારા.
મામા કેતા કે ભાણેજ ભડીઆદ રેતા,
સેર મક્કા છોડા, જંગલ દેરા જોડા,
એશા ઓલીઆ હુવા, કવી રીકતા કીઆ,

આ પીર ગેબનશાહનુ દેરૂ પણ ઘણું સુંદર છે પાંશે સુંદર પાણીનું તલાવ આંરા બંધ ચુનાથી બાંધેલ છે દેરાની આગળ શુંદર શેન પાણાથી બાંધેલ છે ત્યા જાળીનો કોટ કરેલછે જગ્યા ઘણી સુંદર જે જોવા લાયક નાનુ રળીઆમણુ છે આ પીરનું પરથમ દેહરૂ હતુ નહી ને એક પડાળીયુ રોકુ છાપરૂ હતું પણ આગ લાગવાથી બળી ગયું પણ અંદર કબરની ઊપરનો ગલેફનાં ઊપર એક જરા પણ રાખનો કચરો પડયો નહી હતો-ને ગલેફ લુગડાનુ આગ લાગતા છતાં આબાદ રહ્યું જેથી આમ ચમતકાર જોઇ આ જગ્યાનું દેરૂ ધોલેરાના સાહુકારે બંધાવેલુ છે ને તે રમણીઅ છે વળી જાત્રાળુ લોકોને ઊતરવા સારૂ આગળ ફરજો કરેલ છે સાંજરે દીવા બતી થાયછે નગારોં થાય છે ને કંઇ ઊમેદવાર આવી પરમેસ્વરના હુકમથી પોતાની ઊમેદને પહોંચેછે આ જંગલના અંદરની જગ્યા મને ઘણી

પસંદછે હું કાદીપર સુખી હતો ત્યારે આ જગ્યોએ ઘણી વખત જતો તે વખત મને ઘણું સારૂ લાગતું તથા કંઇ જાતના મેવા મળતા હવે હું વખતે વખત આ જગ્યો મને અતિ પ્રીય હોવાથી સંભારૂ છું

કુંડળીયા.

સચ્ચા ઇસક અલ્લાકા, જીનસે રચ્યા મહમદ નુર;
ઉસ્સે ખલકત અનેક હુઇ, જમીન આભ ચંદ સુર
જમી આભ ચંદ સુર, ચર અચર ઉપ ।
કરનેકા જો કામ, રબકે હાથ રહાયા
કેવે આલમ જાન સંસાર સમજતે કચ્ચા
રચ્ચા મહમદ નૂર. ઇસક અલ્લાકા સચ્ચા.

એક નુર અલ્લાકા, જાદે ઉસકે જહુર
સમજે એતો સીદ હુવે, ઓરકે કરમ કસુર
ઓરકે કરમ કસુર સબકા એહી સાહેબ
ઉસકે ખેલ અનેક કંઇ પરગટ કંઈ ગાયેબ
કેવે આલમ જાન નહી ઉસે રૂપ ઓર રેખ
જાદે ઉસકે.જહુર નુર અલ્લાકા એક

સાયાંકી કુદરત સહી દીલસે દેખ બીચાર
નેન નાક સુખ કાંનકો સબકું રખા એક ઠાર
સબકું રખ્યા એક ઠાર કામ જુદા જુદા ઓ કરતે

રૂપ ગંદ રસ અને સબજ આપ આપકા હરતે
કેવે આલમ જાન જહાં દુખે ત્હાં હેગા વહી
દીલસે દેખ બીચર કુદરત તો સાપાંકી સહી

સાહેબ હે સંસાર મેં કુરમત તું દેખ
જેસી હાથ હથેલીપે રબને એચી રેખ
રબને એંચી રેખ પાસ હે નહી પાટા
માલક કરને મેહેર તો મુરસદ રાહ બતાતા
કેવે આલમજાન કંઈ પરવત કંઈ ગાયબ
કુરમત તું દેખ સંસાર મે હેગા સાહબ

ખેલ ખાવનકા ખલક હે સાહેબ સબકે સંગ
ઇસબીન ખાલ નહીં અણું પણુ ગોત જાનકે સંગ
ગોત જાનકે સંગ તુહી તેલ ઓર બતી
પ્રેમકા પ્રકાસ તો રખકી પાવે રતી
કેહવે આલમ જાન છોરતું મનકા મેલ
સાહેબ સબકે સંગહે ખલક ખાવનકા ખેલ

અંદર આથના મેહેલકે આદમ જાયે એક
સબ કામકા સોયા પડે દીલ બીચાર કે દેખ
દીલ બીચર કે દેખ સાંહી યું સમાયા
મુરસદને કરે મહેર મુજકો એહી બતાયા
કેવે આલમ જાન નુરપે ખાખકા મંદર
આદમ જાદે એક આયનાં મેહેલકે અંદર

બેડી તોડતા બુખરી દુખ ભંજન દાતાર
દાવલ દેતા દીકરો.મીઠે સાહ મદાર
મીઠે સાહ મદાર કરામત ઉનકી ભારી
રાજુ સાક્ષી.રહેમ સબસે હેગી સારી
કેહે આલમ જાન દેખીએ રોજા મેડી
દુખભંજન દાતાર; બુખારી તોડતા બેડી.

દોહરો.

કવી કંઇ હું છું નહી, છું કંઇ જાણુ અજાણુ.
કાવ્ય મુખ વાણી વદુ, પણ નહીં પીંગળ પરમાણુ. ૧
શુદ્ધ અશુદ્ધ મુખથી વદુ, નહી તેની પીછાન.
કાવ્ય ગુરૂ વીધાં વીના, ન આવે તે જ્ઞાન. ૨
વાંચનાર આ કાવ્યનાં વીનતી કરૂ છું આપ.
અલ્પ બુદ્ધિથી મેં રચ્યું, ભુલ કરજો માફ. ૩
પીર તમારી પાદશાહી શું શોભીતછે ધામ.
બાલ બડીઆદે શોભતા મેહેમુદશાહછે નામ. ૪
નવે ખંડના માનવી, કરવા સૌ દરશન,
રક્ષા ઝાઝી તમ તણી, થાય ઘણા પરસન. ૫
પરથમ તારીખ નવથી સરૂ આપનો દીન
નિશાન નેજા ફર ફરે, ઉમંગ સૌને મન. ૬
અમદાવાદની મેદની, નેજાનો મુકામ.
વાસ સર્વે અહી કરે, જાંબુડાના ઠામ. ૭
મેલાના સૌ માનવી ફડફડતા નીશાન
જોઇ તેની ગેમ બધા, કરે ઘણું ઘમસાન. ૮

નાંનાં મોટા લડથડે, થાય ઘણેરી ભીડ;
મલતાનો તો,પાર નહીં, કોણ.સાંભળે રીડ. ૯
નેજાં જોઇને ખુસ થયો, ગણો ન આવ્યો પાર;
ગાજત વાજત આવીયાં, સૌ પીર દરબાર. ૧૦
કોણ જાત તે માનવી, બળ આપે બળ વાન;
નિસાન લઇને ડોડતો, કરે પેલી સલામ. ૧૧
નિસાન ફેંકે દુરથી, દર્ગા ઉપર જેમ;
સલામ થઇછે તે તેણી, પડે ન ભૂમી કેમ. ૧૨
દરસિક દિઠું પારખુ, જે પર ઝાઝી મહેર;
પરથમ ચઢે જે તણું, થાય અધીકે લહેર. ૧૩
આ બનાવ સા જોઇને, અધીક થાય ઉમંગ;
ગાજ જંત્રનો પાર નહી, ઠામ ઠામ ઉછરંગ. ૧૪
નોબત નગારાં ગડગડે, સાદ તુરમનાં કંઇ;
ગુણકા મજરા બહુ કરે, ભીંડ ઝાઝી તહીં. ૧૫
ઠામ ઠામ રળીઆમણું, નહીં રમતનો પાર;
ખાઓ પીઓ ખૂબી કરો, કરો.ભલા દિદાર. ૧૬
મસ્ત ફકીરો બહુ લડે, ગાંજો ફુકા ફુક
એક ઉપર એક પડે, ચલમુ ધુકા ચૂંક. ૧૭
અધીક તમાસા અહી બને, નહી જોયા કોઈ વાર;
એવા ગુણનાં માનવી, સુંદર સમજે સાર. ૧૮
બાલ દેશ દીપાવડો, આજ તેનેકહુ;
મીત્ર મેલો અહીં થયો, રૂડી આશીષ દઉં. ૧૯
ખૂબ ખુશી હું મન થયો, જોઉં કેટલી વાર;
પગથી થાયો હું ઘણો, અવ્યો નહીં કંઈ પાર. ૨૦

એકએકની રગના અધીક, ગુણીજન છે સૌ લોક;
જેને જેવું મન ગમે, ને જોવી તેવી થોક. ૨૧
મનુષ ભરાયું સામટું, જોવા આવ્યું જગ;
ચુકે નજર જન કો કદી, ને ગુજુ કાપે ઠગ. ૨૨
થાળો મુકો પાથરી, નહી પાંખને પાગ;
ઠોકર મારો હાથની, ઠરે માણુસ કાં તાગ. ૨૩

ચોપઈ.

સુંદર વસ્ત્ર ધરાછે અંગ, જોઇ જોઈ થાય વીહંગ.
રૂડા સોભીત બજાર વાટ, રળીઆણીછે ઘણી તેની વાટ.
થંડા સરબત ગળી આહ. તેનો સ્વાદ લાગ્યો બહુ વાહ.
વળી પકવાન થાળ ભરાંછે અધીક જુક્ત કરી મેલા છે ઠીક
વસ્ત્ર તણા વેપારી વાશેષ, એક એકની સોભા એશ.
કાચુ પાકુ જોએ જેને જેવુ, પેહેરવા ઓઢવા મળે તેવું
કોઇ વાતની નહીછે ખોડ. એવી જુક્તીથી હાટની જોડ
શું ચીજ મળેછે કયાંથી, એવુ કોઈ કેતુ નથી.
ગળ્યુ મીઠ્યુ ખારૂને તીખુ રંગ બે રંગી ખાતા દેખું.
લુચ્ચા લફંદગાને નાગા ઘણા, કહો ભાઇ તેમાં શું હસે મણા
કોણ જાણે એના કામા, શું કામછે એના નામા.
એવાંને વશ કરનાર, ભલો બાહાદુર અંગ્રેજ સરકાર.
ચોકી મલી પોલીસની અહીં, ગુન્હા પ્રમાણે શિક્ષા તહી

દોહરો.

મનુષ ભરાયુ શામટુ, જોવા આવ્યુ જગ.
ચુકે નજર જન કો કદી, ને ગુજા કાપે ઠગ.
થાળી મુકો પાથરી નહીં પાંખકે પગ,
ઠોકર મારે હાથની ઠરે માણુસ કો તાગ

મનહર છંદ.

બાલ માંહી બડીઆદ, જોઇ જોઇને ઠરીશ,
ધુમ ધારી જગ્યા ભારી મલ્યો પીર અમને,
સુંદર સરોવર તીર, એવો દીઠો મોટો પીર,
શોભે વાડી તેને શીર, ઠીક રચ્યો ઠામને.
વાડીનીતો શોભા ભારી, લાગે મુને અતીપ્યારી.
જાઉં તેના પર બલહારી એવું ધામ જોઇને.
જાઇ જુઇ મેદી ભલી, લીંબુને નારંગી ગળી;
સવાદ તેનો લાગ્યો વળી હૈયું રાખ્યા હામને;
જોવું ઝાડ બીજા ઘણા, તહીં રહે આંજ મણા
કહો કોણ ગણી શકે, વાડીનાતો ઝાડને
છત્રીથી બેઠક ભારી, કુવા પાશે લાગે શારી.
મીઠું પાણી સુખ કારી જાણીતું તમામને,
કોટનીતો છટા ભારી, કારીગરે કામ જારી
બેઠકે મુજાવર જારી, બાવામીઆ કહેછે,
બીજાનો ઘણાય દીશે, કોણ જાણે એમના.
બોલાવુંતો બોલે નહીં, શુંછે કામ તેમના;
સેન માંહી ચાલો ભાઈ, તેની જુવો ચતુરાઇ.
ઉચી ઊભી દીઠી આજ. ધજા શો કહેછે.
એક પડી મેદી ભલી, મીયલને લાગી વાલી
થાય તેનું મન રાજી, માનતા ઉતારે છે.
હવે જેએ દેરા પાશ, તરશા ભુખા રેએ,
એવું મારૂ મન થાય, કહુંછું તમામને;
સેનેનીતો શોભા ભારી, પાણી આહી ગુણકારી

રૂડી કરી કારીગરી જોવું રહ્યું અમને.
આરસતો અપારછે. લાલ પીલા રંગના
એથીએ અધીક શોભા, બીજી રૂડી રહીછે.
દુવાર રૂડા રૂપેછે, રૂપાના રંગીન જોડ.
કમાડેતો રૂપું જડયું રૂપાનુતો કામછે.
દરગાનીતો શોભા, ભારી જાઉ તેના પર બલહારી
છટા તેની કંઈ ન્યારી, પાય લાગી કહુંછું
પીર પીર તુહી પીર રહી અંનહી ગ ધીર.
તાશ લપા મખમલ જોઈને તો નમુછું.
સોનેરીતો સોડ ભારી, ઝાડ દીઠું નાળીએરી
ફુલમાં તો ફુલ ભારી, કહુ શોભા કેટલી
જાઈ જુઈ બેકે ઘણુ, મરવોને મોગરો
બીજી ભાત ભાત દીશે, નહી આવે એટલી
કઠેરો તો રૂડો ઘાટ, રૂપાનોછે બધા ઠાઠ
શોભાનો તો નહી પાર, એવું રૂડુ ધામછે
નહી જોયું એકવાર, ધુળ તેનો અવતાર
કરોને દીદાર યાર, ભડીયાદ ગામછે
રે માસે મેલો આવે, જોવાને તો જગ આવે
માંગ્યા ફલમૂળ મલે. વરણુ અઢાર ને
જોવાને તો મજા પુરો, ધમાલે તો સાઈ સુરો
આવો ભાઇ આવો ભાઈ, આનંદ છે સૌને
દીન જતા વાર નહી, રાતતો દેખાય નહી
એવી દીસે સુખી આજ, પીર રૂડા નામની
મલે નહી માત તાત, રૂડી મદનીનો સાથ

કાવ્ય સુણ્યો રૂડા ભાત, મીઆંસાબ દોસની

ભુજંગી છંદ.

ભલા ભાલમાં, પીર ગાજે અમારો
અતી ઠાઠ, મેલા તણો છે તમારો
વલી લોકની થોક, ઉમેદ વારી
ભલા ભાલમાં પીર મોટો બુખારી.
ભલે પીર લોકોને, દીદાર દેવે
સુણી નામ તારૂ, ઉમંગ આજ આવે
ભલા પીર તારા, જાઉ બલહારી
ભલા ભાલમાં, પીર મોટો બુખારી
અતી દુરથી લોક આવે હજારો
વલી નામ સુણી, ઉરસ તમારા
ફરી ગામ રેવે, દીસે ઘર બારી
ભલા ભાલમાં, પીર મોટો બુખારી
ઘહાં આજ ખુબી, પુરી ધુમ છાજે
સુણી પીર અર્જુ, અમારી તું લેજે
વડી પીર મેલામાં, રક્ષા તમારી
ભલા ભાલમાં, પીર મોટા બુખારી
કંઇ ઉંટ ઘોડા, હાથીએ સ્વારી
રથું માંહી બેઠા, કરે કીલ કારી
ગાડી પછાડી, ભુમીએ પથારી
ભલા ભાલમાં, પીર મોટો બુખારી
વડા માલ દારો, રૂડા રોજ ગારી
બધી વાટની, હાટ લૈઇએ ઉપાડી

વલી કોણ આપે, આ શોભા સ્વારી
ભલા ભાલમાં, પીર મોટા બુખારી
રૂડી હાટ ડાટે, બીરાજી રહીછે
અતી ભીડ, લોકની થોક અહીછે
લેતાં ધન થાકયા, હવેતો વેપારી
ભલા ભાલમાં, પીર મોટા બુખારી
ખુશીમાં ખુશી, ખુબ ખુબી રહીછે
વલી લોકની થોક, ચોકે ચડીછે
કહે મેદની, ઠામ ઠામ તમારી
ભલા ભાલમાં, પીર મોટા બુખારી
કરે માન તાયું, જનો ઠામ ઠામે
ભરે થાલ લાવે, તામારા તો ધામે
અતી આજ શોભે, દરગા તમારી
ભલા ભાલમાં, પીર મોટા બુખારી
જતાં આવતાં, પાય લાગુ તમોને
સુણી છંદ આપો, મુરાદું અમોને
તમેાે દઆવંત, છો ધુમ ધારી
ભલા ભાલમાં, પીર મોટા બુખારી
સુણી નામ સરગું આવ્યો તમારે
વળી જોઇ ખુબી નમુ શીશ દુવારે
માગાં ફળ આપો મુને લાભ કારી
ભલા ભાલમાં પીર મોટા બુખારી
કંઇ માનતાયું કરે ઠામ ઠામે,
આવે આસ ઉલાસ પામેજ પામે

હજું આસરો છે વડા ગુણુ કારી
ભલા ભાલમાં પીર મોટો ખુખારી
કંઈ પાર લીધો,ને લેવોજ બાકી
અધાપી રહ્યો છું જોઇ વાટ તાકી
ભરોસો ખરોછે આપો નામ ધારી
ભલા ભાલમાં પીર મોટો ખુખારી
કરો કૃપા દીલથી પીર અમોને
સદા મીત્ર જોડ કહીએ તમોને
વીજોગે પડયા જે કરો મીત્ર કારી
ભલા ભાલમાં પીર મોટો ખુખારી.
દયાવંત દીલમાં લો મહેરબાની.
રહે દીલમાંહી મારે વાત છાની.
ઉમેદ આજ પુરો જાણી બલહારી.
ભલા ભાલમાં પીર મોટો ખુખારી
પલે પલ પીર આધાર તમારો.
કરો દુર હોય શત્રુ અમારો.
રેફા લેહર લીલાં તમે લાજ કારી.
ભલા ભાલમાં પીર મોટો ખુખારી.

દોહરો*

પીર વડા બલવંત છો ધજ બાવનમાં ધામ
બડીયા રૂડુ ગામછે, ચોખંડ આપનુ નામ
લગડાં લુલા પાગલા, અપંગ આંધલા જેહ
જોતું સૌને આપીયું, ને દુધેહ વરસો મેહ.

વાઝણુને તે તનુજ આપા, સૌનો રાખ્યોબાર
મુજ માગ્યું મુજ આપજે, ને કરજે મારી વાર

કુંડળીયા.

ધજ વાલા ધીગા ધણી, ને બાવન ગજની ધજ
ધજ બાવનમાં શોભતો, ને જન હાવે તુજ હજ
ને જન આવે તુજ હજ, તે નામ સુણીને
નામ પ્રમાણે કામ પડછો, દીધો તે સૌને
કહે મીઅલ મુખ, આમ પીર તમછો જસ વાલા
બાલ ભડીઆદે સોભતા, ધામે ધુમે ધજ વાલા
પીર બુખારી સેવીએ, પલમાં બેડો પાર
ધજ વાલો ધીગો ધણી, નમે કુલ સંસાર
નમત કુલ સંસાર, નગારે છતીસ બાજે
એસો મેરા પિર શિષ્ટ, પર છતર બીરાજે
કુવે મીરનસાહ, અરજ સુન હમારી
પલ બીચ બેડો પાર, સેવીએ પીર બુખારી
હાંસલ મેરી મુરાદા, કરો આજ કે કાલ
રખુ ભરોસા નામકા, માગું નહી બોપાલ
માગું નહી બોપાલ, કરો કહા પુરા મેરા
ગુને કીએ કરોડ, આખર બંદા હું તેરા
કહે એહ કરનાર, તઅમે રખતા તેરી
કરો આજકે કાલ, મુરાદાં હાંસલ મેરી
મમુદશાહકે આંધળે, ડસે ન બીછું નાગ;
સાવજ સાથે આહ્લે, ઉલટો જાવે ભાગ,

ઉલટો જાવે ભાગ, જાગટે ટીલતો જાવે
ઉસકે વારસ પીર, ઉતુંકું આગ ન ખાવે
કેવે મીરનસાહ, અંધેસે કીજે તાકે
ડસેન બીછું નાંગ આંધળે મેંમુદસાકે
જાળપે મુરઘા બોલતાહે, બડી ફજરકે પેહેર
સામ સુભોકે બીચમે, સુધરે મનકે કાર
સુધરે મનકે કાર, દુનીયા ફોગટ ફીરતીહે
ગયાહેજનમારા હાર, જીનુંકી કદર ન જાનીહે
કહે એહ કરનાર, સંગત બીન કુછ નહી મેહેર
મુરગાહ જાલપર બોલતા, બડી ફજર કે પેહેર
લીખું આપકા નામ કલમ ચલતી નહી મેરી
લાખું આંધે એકે તસબી ફીરાવે તેરી
દે આંખ ઉનકું જાને, સબ સબકે ઘરકું
નમત કુલ સંસાર પીર, કેહેતા તુજકું
કહે એહ કરનાર, સીફત કરતા હું તેરી
લીખું આપકા નામ, કલમ ચલતી નહી મેરી
દરઘાકે બીચમે ચીરાગ જલતીહે જારી
દીન દીન દેખું ખુબ, ખુબી હોતીહે ભારી
કંઈ હીંદુ મુસલમાન,વાંહાં આતેહે આજારી
કામ ઉનકે પાર, કરો તુમ પીર બુખારી
કહે એહ કરનાર સીફત કરતા હુ તેરી
દરગાકે બીચમે, ચીરાગ જલતી હે જારી

કવતી.

પીર નમે પીર આજ, મેંમુદ બુખારી વારી

તખતનકી શોભા સારી, સોનાંનસે આઇ હે
ઝાડહી અઢાર ભારી, ફુલ ખીલતહે બારી
કઠેરે નવ રંગ જારી, ત્યાં કામ ભારી હે.
ગાજત ઘન ઘોર સોર તાસે તુરજ બાજે
રાજે રંગ રોજ પહાં, તુખ્તે નિવાજ હે
આવત ઉમેદ વાર, પાવત મુરાદ સાર
મોજુકે ખુલંદ આજ, મેંમુદશાહા ખુખારી હેં,
આવતહે રોજે જહાં, દુઃખકે ભરેલ દારી
જારી નોબત જહાં, ચોકસે બજાય હે.
મનીયન જડાબ જહાં, છત્રીહે બીરાજે ભારી
ચારી સોભા જહા, તુરકા ઉજાલાહે
બીલોરી કંદીલ ઝાડ, ફડકત નિસાન સારૂ
તખ્તેકી બહાર જહાં, ઝમર ઝલકાતહે
આવત ઉમેદવાર, પાવત મુરાદ સાર
મોજુકે ખુલદ આજે, મેમુદસાહ ખુખારીહે

છપ્પા

દુઃખ ભંજણ સુખદેણ, વેણ ભડ માને વંકા;
જહાર ફરતો જોર, દેષ પ્રદેશે ડંકા.
વેરી વસમી વાટ, તાપ ન ગંજે તનકી;
સમરો મેમુદશાહ, મુરાદાં પુરે મનકી.
ભડ કોટ ઘણી બેડી ભંજન, વેરી ગણુજ વાંદરાં;
વહો મન દુઃખ ભારે, વકટ ભાગ સંકટ ભંડીપાદરા.

દુહો

શેટાઘોટા અત ઘણા, મલીદા મેખુર;
ભાગીને ભડીયાદરે, દાલદર કીધાં દુર.

કુંડળીયા

તેરે મેમુદ માલ । લહે ન કાડી ચોર
સાગર સમી સાદડા ટકરાં લેવે ઠોર
ટકરાં લેવે ઠોર કેસરી કૃષ્ણ ન મારે
મદદસાહ મેમુદ તમારે કેસે હારે
કેવે મીરનસાહ સુંન લે બચન મેરે
લહેન કાડી ચોર માલકું મેમુદ તેરે.

પીર હો બુખારીપતરાખીઓ, હમારી મન મીડેકો ભાયો હે
ભરા ભરી તોડ કુફરકો, દીનકો જગાઓ હે
હજરતકો ખાસોહે નર્માકોં, નવાસોહે બીકો જાયોહે
અજબ હે જલાલી, જીને ધન મેરકુ બસાયા હે
સમુદરકો આન પલું, સમરીયું ઝુકાયો હે
બુખારી પત રાખીઓ અમારી,મન મીડેકુ ભાયો હે

समापत

